શ્રી અઢારમી રા

ઇન્ડીયન નેસનલ કોંગ્રેસ.

અને

પ્રદર્શનની પ્રખ્યાતી.

રચનાર,

વ્યાસ. હીરાલાલ ઇચ્છાશંકર.

જાદુકપટ પ્રકાશના કર્તા.

દોહેરો.

ઉદ્યોગનું છે પ્રદર્શન, જોઇ ઉત્તેજન દો;
ઉદ્યોગે કરી ચોપડી, બનાવી મારે લો.

અમદાવાદ.
"વિજય પ્રવર્તક" પ્રેસ.

સંવત ૧૯૫૯. સને ૧૯૦૨.

લા કીંમત ૦-૧-૦ આનો. ભ.

અઢારમી

ઈન્ડીયન નેસનલ કોંગ્રેસ

અને

પ્રદર્શનની પ્રખ્યાતી.

સારૂ સારૂરે શુરતશાહેર મુંબાઇ અલબેલી—એ રાગ.

જુઓ જુઓ જગતના જન, પ્રદર્શન બહુ સારૂં;
મહારાજા પધાર્યા જે દન, પ્રદર્શન બહુ સારૂં. ટેક.
સંવત ઓગણી ઓગણુસાઠના, માયાણુ માગસર માસરે;
કોંગ્રેસને પ્રદર્શન જાણી, આવ્યા અતી ઉલ્લાસ. પ્ર૦ ૧
રાજ રીતીની નીતી જોઇને, પ્રીત ધરી અપારરે;
ઓગણીસેને બેનીસાલે, ડીસેંબર નીરધાર. પ્ર૦ ૨
પંદરમીને દીવસે તો, પરમેશ્વર પ્રસંનરે;
માહારાજાએ અહીં પધારી, દીધાં છે દરશન. પ્ર૦ ૩
સરકાર સ્વારી આવતી જાણી, મોટી ધરી મનમહેર રે;
અમદાવાદ વૈકુંઠ સરીખું, જ્યાં લક્ષ્મીને લહેર. પ્ર૦ ૪
સ્ટેશન સારૂ સોભાવ્યું છે, આવ્યું મન અનુકુળરે;
પંચરંગી વાવટા ચઢાવ્યા, પાથરીઆપર ફુળ. પ્ર૦ ૫

આગળ પાછળ આસોપાલવ, તોરણ દીસે ત્યાંહીરે;
ગુલાબને ગુલદાવદી શોભે, મોટા ગોટા માંહી. પ્ર૦ ૬

નવવાગે ત્યાં પોતે પધાર્યા. બેટ સીયાજીરાવરે;
છડી સ્વારીએ પોતે આવ્યા, નથી લશ્કરને લાર. પ્ર૦ ૭

માહારાજા આવ્યા તે વેળા, સેઠ અને શાહુકારરે,
જેશંગભાઇએ સલામ કરીને, દીધો સારો આવકાર. પ્ર૦ ૮

સલુનગાંથી પોતે ઉતરી, સેઠને મળીયા ત્યાંહીરે;
આવીને બગીમાં બેઠા, સામા જેસંગભાઇ. પ્ર૦ ૯

ધીમે ધીમે ગાડી ચાલે, માહાલે સીયાજીરાવરે;
કાપડ બજારના વેપારીને, સારો મળીયો દાવ. પ્ર૦ ૧૦

સરકારની ત્યાં ગાડી ઉભી, લોક મળ્યું અપારરે;
છબીપાડનારે છબીજ પાડી, જરા ન લાગી વાર. પ્ર૦ ૧૧

ત્યાંથી સરકાર શહેરમાં આવ્યા, જોતાં ઠામો ઠામરે;
જેસંગભાઇએ એમને માટે, સારો કર્યો મુકામ. પ્ર૦ ૧૨

ત્રણવાગે પોતે પધાર્યા, કોંગ્રેસ મંડપ માંહીરે;
મંડપતો ત્યાં સારો રચ્યો છે, લાગે છે નવાઇ. પ્ર૦ ૧૩

ઉત્તર દક્ષીણ દરવાજા છે, મંડપને અઢારરે;
પુર્વ પશ્ચીમ સામાસામી, દરવાજા છે બાર. પ્ર૦ ૧૪

ફરતા ફરતા ઉંચે બાંધ્યા, ફુલકેરા ગોટારે;
કાચ તણા ત્યાં તો લટકાવ્યા, હાંડી ઝુમર મોટા. પ્ર૦ ૧૫

નવ ઝુમરને તેત્રીસ હાંડી, બાંધી મંડપ માંહીરે;

દરવાજે સતાવીસ બાંધી, સાહજ થઇ છે ત્યાંહી. પ્ર૦ ૧૬

ખુરસીઓ પણ એટલી ગોઠવી, ગણુતાંના વેપાર રે;
બાવટાઓ પણ એટલા બાંધ્યા, અંદરને વળી બાહાર. પ્ર૦ ૧૭

શેહર તણા સદગૃસ્થો સર્વે, આવી બેઠા અપાર રે;
સરકાર સારી ત્યાં આવી કે, દીધો સૌવે આવકાર. પ્ર૦ ૧૮

સાહેબ ગોરા સર્વે બેઠા, લેઇ પોતાનો સાથ રે;
કમીસનર સાહેબ આવી પોહોચ્યા, મીલાવ્યો ત્યાં હાથ. પ્ર૦ ૧૯

સરકારે સેકન્ડ ત્યાં કીધી, બેઠા તેમની પાસ રે;
એટલામાં પોરબંદરવાળા, આવી બેઠા ખાસ. પ્ર૦ ૨૦

જમણે પાસે કમીસનર સાહેબ, વચમાં ત્યાં સરકાર રે;
ડાબી બાજુ આવી બેઠા, પોરબંદર દરબાર. પ્ર૦ ૨૧

ચાંદીની ખુરસીપર બેઠા, પોતે સીયાજીરાવ રે;
રચના આ સારી રચી છે, મનમાં લાવ્યા ભાવ. પ્ર૦ ૨૨

ભાષણ ત્યાં ગેહતાએ કીધું, બેઠા જ્યાં બહુ સુબા રે;
ગેહેતાનું પુરૂ થયું કે, માહારાજા ત્યાં ઉભા. પ્ર૦ ૨૩

સારા સારા ભાષણ કીધાં, મંડપ કેરે ઠામરે;
પછી સર્વે જોવા ચાલ્યા, હુનરનું જ્યાં કામ. પ્ર૦ ૨૪

ખુરસી પરથી પોતે ઉઠયા, લાગી નહી કાંઇવાર રે;
તેમની પાછળ સર્વે ગૃસ્થો, આવ્યા છે ત્યાં બહાર. પ્ર૦ ૨૫

બાહાર બગીચો આવ્યો સારો, ત્યાં કુંડાંની હાર રે;
તેની આજુબાજુ બાંધી, ઇટોકેરી પાર. પ્ર૦ ૨૬

તેની વચમાં ગોળાકારે, કીધો છે ફુવારો રે;
કામ હોય ત્યારે તે છુટે, એવો એનો ધારો. પ્ર૦ ૨૭

કોંગ્રેસની ડાબી બાજુ, ચાહ મીઠાઇની દુકાન રે;
તેની જોડે સોડાવોટર, સોપારીને પાન. પ્ર૦ ૨૮

પાણીપણ ઠંડુ પીવાનું, તે સાથે તૈયાર રે;
જે માગે તેને તે આપે, જરા ન લાગે વાર. પ્ર૦ ૨૯

જમણી બાજુ પ્રદર્શનનું, બનાવ્યું દ્વાર રે:
ત્યાં આગળતો આવી પોહોચ્યા, જરાનલાગી વાર. પ્ર૦ ૩૦

આજુબાજુ ટીકીટઓફીસ, બનાવી છે બેસ રે;
એના ઉપર છે મીનારા, તેમાં ભુલ નહી લેસ. પ્ર૦ ૩૧

મકાનની અંદર તો એમને, નથી રાખી કાંઈ ખામી રે;
એની આજુબાજુમાં પણ, દુકાનો સર્વે જામી. પ્ર૦ ૩૨

સુખડીઆ સુરતથી આવ્યા, મીઠાઇ લાવ્યા ઝાઝી રે;
ધારીને કોપરાપાક પેંડા, બરફી લાવ્યા તાજી. પ્ર૦ ૩૩

બરૂચથી પણ આવ્યા પહેલાં, રાખવા પોતાનું નાક રે;
તે પણ મીઠાઈ સારી લાવ્યા, લાવ્યા ગુંદરપાક. પ્ર૦ ૩૪

એ રીતે સૌ લાવ્યા લોકો, કરી પોતાનું કામ રે;
અમદાવાદમાં મળ્યું, પ્રદર્શન, થાસે આપણું નામ. પ્ર૦ ૩૫

આ રીતે તૈયાર થયું ત્યાં, જરા ન લાગી વાર રે;
રાજા બહાદુર આવી પોહોચ્યા, તે તણે દ્વાર. પ્ર૦ ૩૬

દરવાજો પોતે ઉઘાડી, જોવા માટે ગયા રે;

વાલીંટરો ચોકી કરવા, સર્વે ભેગા થયા. પ્ર૦ ૩૭

કારણ કે ત્યાં ટીકીટ માગે, એવી હતી સરત રે;
પાસો જોઈ તે વાલીંટરો, જાવા દેતા તરત. પ્ર૦ ૩૮

એ રીતે ચાલ્યું જોવાનું, આનંદ આનંદ થાય રે;
પોલીશ વાજુ ઈંગ્રેજીમાં, સારૂ સારૂ ગાય. પ્ર૦ ૩૯

પ્રદર્શનના દરવાજે, તો થાયે ધમાધમ રે;
બારીસ્ટર ચીમનભાઇતો, પાડે બધાને ગમ. પ્ર૦ ૪૦

એ ભાઇતો આ કામમાં લેછે, મેહેનત બહુ રે;
ખાડીઆમધે એતો રહે છે, જાણે લોકો સહુ. પ્ર૦ ૪૧

ઘોડે બેસી આપ પોતે, તસ્દી લે છે અપાર રે;
કામ પોતે ચોકસ રાખે, જરા ન લાગેવાર. પ્ર૦ ૪૨

પાટીલ વકીલ ગોવીંદરાવે, કામ કેવું કીધું રે;
કોંગ્રેસ અને પ્રદર્શનનું કામ, પોતે માથે લીધું. પ્ર૦ ૪૩

મહેનત એ ભાઈ કરે છે ઝાઝી, એમાં નહી કાંઇ ખામી રે;
કોંગ્રેસ અને પ્રદર્શનમાંહી, જરા ન આવે ખામી. પ્ર૦ ૪૪

ઇશ્વર એમનું ભલુંજ કરજો, આવાં થાય નીત કામ રે;
પહેલા પોતે રહેતા દક્ષણ, હાલ ખાડીઆમાં ઠામ. પ્ર૦ ૪૫

દેસ દેસની ચીજો ગોઠવી, એમાં નહી કાંઇ ભુલ રે;
એક એકથી ચઢે છે ચીજો, જેનું ન થાય મુલ. પ્ર૦ ૪૬

તેમાં વળી સુરજના તાપે, કરી થાય રસોઇ રે;
તેને વળી ઉચું ગોઠવ્યું, લોકો આવ્યા જોઇ. પ્ર૦ ૪૭

ઘણા પણા ત્યાં જોઈ હુન્નરો, રાએ વીચાર્યું ચીત રે;
ઉધોગ સારો જોઇ જોઇને, પુરણ આણી પ્રીત. પ્ર૦ ૪૮

લોકોની ત્યાં ભીડ થઇ છે, લાંબી બંધાઇ હાર રે;
સર્વે વસ્તુ જોઇ કરીને, બ્હાદુર નીકળ્યા બાહાર. પ્ર૦ ૪૯

હુન્નરવાળા અતીશે ઝાઝા, તેના લખીઆં નામ રે;
જોઇ કરીને પુરૂં થયું કે, ગયા પોતાને ગામ. પ્ર૦ ૫૦

ઇચ્છાશંકરે અમદાવાદે, કરીઓ કપટ પ્રકાશ રે;
તેહતણા સુત હીરાલાલે, કરી કવીતા ધરી આસ. પ્ર૦ ૫૧

શેઠ સગાળસા સેવે સાધુને એ રાગ.

ગયા લોક કોંગ્રેસ જોવા રે, મન તણી ભ્રાંતી ખોવા રે,
મંડપ તો ત્યાં સારો રચ્યો છે, મેહેનત લીધી બહુ;
વખાણ કરૂંશું પાટીલ કેરાં, શું શું હું તો કહું. ગયા૦ ૧

સોમનાથ ભાઇને કંટ્રાટ આલ્યો, મંડપ બાંધવા કાજ;
એમને પણ જુગતીથી બાંધ્યો, ખામી નહી એમાંજ. ગયા૦ ૨

૭ હજારે મકાન બાંધ્યું, એમાં જરા નહી ભુલ;
કોંગ્રેજ ને પ્રદર્શન સારૂ, ભારે ખરચ્યુ મુલ. ગયા૦ ૩

વાવટાઓ પણ ખુબજ બાંધ્યા, ગણતા નાવે પાર;
દોરીઓથી તો બાંધી બાંધીને, કીધી લાંબી હાર. ગયા૦ ૪

ફૂવારા પણ વચમાં છુટે, જોઈ હરસ બહુ થાય;
વાજું પણ ત્યાં ઈંગ્લીસ વાગે, જોવા સર્વે જાય. ગયા૦ ૫

જોવાનું ત્યાં બેસ બનાવ્યું, દીલ થાય બહુ રાજી;
મોટા મેદાનગાં બધુ બનાવ્યું, હવા આવે સારી તાજી. ગયા૦ ૬

કોંગ્રેસ રાજનગરમાં થઇ, લોકને આનંદ થાય;
તેમાં પ્રમુખપણે બીરાજસે, સુરેન્દ્ર નાથ કહેવાય. ગયા૦ ૭

પોતે વીદ્વાન બહુજ કાહાવે, વીદ્યાગાં નહી ખોડ;
ગુજરાત મધે એમના જેવી, ન મળી આવે જોડ. ગયા૦ ૮

સારાં સારાં ભાષણ કરશે, રૈયત ઉપર મેહર;
કરેલું ભાષણ પસાર થાય તો, થાએ લીલા લેહેર. ગયા૦ ૯

ઇશ્વરને હું અરજ કરૂ છું, વાત ધ્યાનમાં લો;
જે જે દુઃખો રૈયતનાં હોય તે, સરકાર આગળ કોહો. ગયા૦ ૧૦

જેમાં રૈયતનું ભલું થાયે, તેવાં કરજો કામ;
તો તો આખા હીંદુસ્તાનમાં, થાસે તમારૂં નામ. ગયા૦ ૧૧

કોંગ્રેસ તો ત્રણ દીવસ ભરાશે, તેવી ચોવી છવીસ;
મેહેનત એગની બહુ જોઇ, ને લોક દેછે આસીસ. ગયા૦ ૧૨

તેમાં વકીલ પાટીલ સાહેબ, કરે છે બહુ કામ;
મેહેનત પોતે બહુ કરે છે, રાખી રૂદેમાં હાગ. ગયા૦ ૧૩

કોંગ્રેસને પ્રદર્શન માટે, તસ્દી લીધી બહુ;
ઇશ્વર એમની ચઢતી રહેજો, આસીસ દેછે સૌ. ગયા૦ ૧૪

ખાડીઆ મધે રહે છે ડાહ્યાભાઇ, દેરાસરી કહેવાય;
કામ આખો દીવસ કરે ત્યાં, બાહાર કાંઇ ન જાય. ગયા૦ ૧૫

એતો બારીસ્ટર પાકા, ધુમે છે રાખી હૈડે હાગ;

સવાર સાંજે ઉભા રહીને, જલદી લીધું કામ. ગયા૦ ૧૬

ચીમનલાલભાઇ બારીસ્ટર, એ પણ ઘુમે અપાર;
કોંગ્રેસ માટે કામ પોતે કરે, થઇ ઘોડેસ્વાર. ગયા૦ ૧૭

આવા આવા કામ જોઇને, લોકો ખુશી થાય;
બારીસ્ટર સાહેબ ઘોડે બેસીને, સરકાર સામા જાય. ગયા૦ ૧૮

સરકાર સ્વારી આવતી જોઇને, ખુશી થાઓ મંન;
આજનો દીવસ લાગે રળીઆમણો, જાણે દીવાળી દન. ગયા૦ ૧૯

ત્રણ વાગે ત્યાં આવી સ્વારી, તેની પાછળ લોક;
આવ્યું ઘણું ત્યાં જોવા માટે, લોકના થોક થોક. ગયા૦ ૨૦

બારે ઘણી ત્યાં ભીડ ભરાણી, રસ્તો નહી રજ માત્ર;
ગાડીઓ જવાને રોક્યા પોલીસે, કચરાયા લોકોના ગાત્ર. ગયા૦ ૨૧

વકીલ બારીસ્ટર દાક્તર લોકોએ, મેહેનત લીધી અપાર;
અમદાવાદમાં પહેલી વખતે, કોંગ્રેસ ભરી આ વાર. ગયા૦ ૨૨

સરકાર સ્વારી આવી મંડપમાં, સમીઓ સૌનો શોક;
સાહેબને સેઠીઆઓ સર્વે, ઉભા થયા ત્યાં લોક. ગયા૦ ૨૩

સરકાર ચાલે મનમાં માહાલે, પુછે મંડપની વાત;
મહારાજે મેહેતાને પુછ્યું, તે મેં સાંભળ્યું સાક્ષાત. ગયા૦ ૨૪

મંડપ આ મોટો કીધો છે, સારૂ કીધું છે કામ;
જોતાં જોતાં જઇને બેઠા, જ્યા પોતાનો ઠામ. ગયા૦ ૨૫

ચાંદીની ખુરસીપર બેઠા, મંન ધરીને હામ;
એટલામાં કમીસનર સાહેબ, લઇ આવ્યા તે ઠામ. ગયા૦ ૨૬

ઉભા થઇને સેકન્ડ કીધી, બેઠા પછી આસન;
મહેતા બારીસ્ટરે ઉભા થઇને, કીધું અચ્છુ ભાષણ. ગયા૦ ૨૭
એમના કીધા પછે કીધું, માહારાજે વીવેચન;
પુરૂ થયું કે ઉઠયા ત્યાંથી, જોવા પ્રદર્શન. ગયા૦ ૨૮

દ્વાર ઉઘેડવા કુંચી આલી, ખોલ્યું પોતે દ્વાર;
એટલે મહારાજાના ઉપર, પુષ્પની વૃષ્ટી અપાર. ગયા૦ ૨૯

વૃષ્ટી સૃષ્ટી સઘળી દેખે, સરકાર જોવા જાય;
પછી ત્યાં તો દરવાજા આગળ, ધમાધમી બહુ થાય. ગયા૦ ૩૦
ધમાધમી તો બહુ થઇને, લોકો અપારમપાર;
પાસ જોઇ અંદર જવાદે, બીજાને કાઢે બહાર. ગયા૦ ૩૧

જોઇ કરી કવીતા કરી છે, એનો કરી ઇનસાફ;
પતું ઓછું લાગે તમને કાંઇ, વાંક કરો મારો માફ. ગયા૦ ૩૨

જાદુ તણી જાુગતીઓ જોઇને, રીઝયા માળ્ગ સરકાર;
કનક કડાં મંદીલદોસાલા આપ્યા, મોતીના હાર. ગયા૦ ૩૩
જાદુ કપટ પ્રકાસનું પુસ્તક જેણે, રચ્યું નીરધાર;
મોટા સાહેબના સરટીફીકેટ મળ્યાં, એ આપણો ઉપકાર.ગયા૦ ૩૪
ઇચ્છાશંકર સુત બ્યાશ હીરો, વદે મેહેર કરી મહારાજ;
કરૂણા નજર કરો કીકર ઉપર, આશીસ આપુ છું આજ ગયા૦ ૩૫

રાગ ગીરધારીનો.

જન ઝાઝા રે, આવ્યા કોંગ્રેસ નામે;
જ્યાં જોવાનું ઠામે ઠામે. ટેક.
ઘણા ઉતર્યા રે ઓળખીતા મુકામે, ધારણ ધરીને ધામે.

ઝુલ.

મળી મેદની અપરમપાર રે, છૈયાં છોકરાંને નરનાર રે;
એક સહુકાર રે, આવ્યા જોવાને કામે. જ્યાં૦ ૧
દેખી વિશ્વને રે, દીલ પળમાં રાજી તમામે;
બેસે એક એકના સામે.
રાજી જુકતીરે જોઈને, મોહ્યો પામે જોઇ પ્રદર્શનનું નામે;

ઝુલ.

લોકો લાગ્યા પોતાને કામે રે, સહુ સહુના હુન્નર નામે રે;
બસે ભરાયા રે, તેહુ તણા મુકામે. જ્યાં૦ ૨
આખી આલમરે, રંગમાં રહી છે મોહી; સરકારને આવતા જોઇ;
જોવાની રે સારી કરી છે, ત્યાં સોઇ; ટંટો ફીસાદ કરે નહી કોઈ.

ઝુલ.

જ્યાં જુવે ત્યાં થોકે થોકેરે. લાખો લેખાં લખાય નહી લોકરે;
સ્વારી સાથે રે, આવ્યા કોંગ્રેસ મુકામે. જ્યાં૦ ૩
જોઇ રચનારે, વખાણ્યો મંડપ સારો, હુશીઆર હસે બાંધનારો;
મુકી ખુરશી રે બે બાજુ બે હારો, વાવટાની કરી ત્યાં લારો.
મંડપ સારો અતી ઘણો લાગેરે, બાહાર વાજુ ઈંગલીશ વાગેરે;
ફોટુઆફ રે પાડે છે ત્યાં સામે, જ્યાં જોવાનું ઠામે ઠામે. ૪
જન જોતાં રે રાત પડી છે, જ્યારે નરખી નર નાકા ત્યારે;
ઘણું ગાગડીયું રે ધકા મારી ધાએ, રસ્તો દેખે ત્યાં જાએ રે.

ઝુલ.

દરવાજે મુકી ચોકીરે, સીપાઇ સમજુને કાઢે ટોકી રે;
શેઠ સાહુકાર રે ઉભા રહ્યા છે, સામે જ્યાં જોવાનું૦ ૫
મેહેનત કરે છે રે ત્યાં તો બારીસ્ટર, ડાહ્યાભાઈ દેરાશર;
ચીમનલાલ રે કરે છે તન તોડી, એ બે સાહેબોની જોડી.

ઝુલ.

પાટીલ ગોવીંદરાવ જેનું નામ રે, તે તો કરે છે બહુ કામ રે;
એમને બીડી છે રે ચારે તરફની હામ. જ્યાં૦ ૬
ઓ ઇશ્વર રે, કૃપા કરીને આજે, આવા કામો એમને છાજે;
કહું હું પ્રભુને રે વાત ધ્યાનમાં ધરજો, આવા સારા ઉપદેશો કરજો.
ભટ વ્યાસ હીરાલાલ આમરે, અમદાવાદમાં મુકામ રે;
ખરૂં ખાડીઆમાં ઠામ રે, પીતા મારા રે ઇચ્છારામે નામે. જ્યાં૦

છપો.

અમદાવાદ જેવું શહેર, લેહેર લંકાના જેવી;
હવેલીઓ ઓળાઓળ, તરતી બે સોભે તેવી.
શોભા સારી જોઇ, સોક સૌ જનના સમીઆ;
ગુણવંત સુરેન્દ્ર નાથ, ઘણા જનને તે ગમીઆ.
શ્રી મુખે સદગુણ શુતરણવું, સૌકો જ્યાં સારા શેઠ છે.
વૈકુંઠ સરીખું શહેર આ, એ આગળ સૌ હેઠ છે.

છપ્પો.

ધન્ય સુરેન્દ્રનાથ, વાત તો સારી લાવ્યા;
રઇયતનું કરવા કામ, હામરાખી તે આવ્યા.
ધન્ય સુરેન્દ્રનાથ, હાથમાં લ્યો આ કામો;
થાશે જેથી નામ, અહીં ને ગામે ગામો.
કાંગ્રેસની વાત મનમાં ધરો, અને મેહેનત આગેલો ઘણી;
વદે વ્યાસ કરી ક્યાસ હું, જાણું જુકતી જાદુ તણી.

છપો.

ધન્ય પાટીલ ગોવીંદરાવ, કામમાં પોતે પુરા;
ધન્ય પાટીલ ગોવીંદરાવ, પુન્યમાં પોતે સુરા.
ધન્ય પાટીલ ગોવીંદરાવ, દાવ આ લીધો સારો;
ધન્ય પાટીલ ગોવીંદરાવ, દીસો જાણે ધ્રુનો તારો.
સાબાસ સાબાસ તમને ઘણી, કામ આવાં નીત્યે કરો;
વ્યાસ હીરાલાલ પ્રભુને કહે, રૈયતની વાત રૂદે ધરો.

સમાપ્ત.

જાહેર ખબર.

મળવાના ઠેકાણાં.

અમદાવાદમાં—કર્તા પાસેથી ખાડીયામાં ગોટી-ની શેરીમા.

સુરત—વ્યાસ બાપાલાલ ઇચ્છાશંકર મહીધરપુરાની ગીઆ શેરીમાંથી મળશે.

બીજું જે સાહેબોને હમારી બનાવેલી જાદુ કપટ પ્રકાશ નામની ચોપડી જોઇશે તો સસતામાં મળશે.

ભાગ—પહેલો.

ભાગ—બીજો.

ભાગ—ત્રીજો.